"સરિતારેસીડેન્સી–૫"
"સરિતારેસીડેન્સી–૫"
"સરિતારેસીડેન્સી–૫"

–:: વેચાણ દસ્તાવેજ ::–

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ–૧૨ (નિકોલ) તાલુકા વટવા ના મોજે ગામ વસ્ત્રાલ ની સીમના બ્લોક/સર્વેનં. **૪૧/૧ જેનો ટી.પી. સ્કીમ નંબરઃ૧૧૭** તેમજ **એફ.પી.નંબરઃ૧૭/૧** ની ૮૫૨૮ સ.ચો.મીટર ના સર્વે નંબર મુજબ ક્ષેત્રફળ વાળી જમીન જે બિનખેતી ના **હેતુ ની ૫૧૧૭ સ.ચો.મી** ખુલ્લા પ્લોટની **જમીન**ઉપર **"સરિતા રેસીડેન્સી–૫"** એ નામથી ઓળખાતી સ્કીમ પૈકી "......" બ્લોકમાં બાંધવામાં આવેલ " ......ફલોર" ઉપર ફલેટ નંબર ...... ના ...... સ.ચો.મી. વોશ એરીયા તેમજ..........સ.ચો.મી. નો રેરામુજબ નેટ કારપેટ એરીયા (જે પ્લાનપાસ પ્રમાણે ....સ.ચો.મી.નેટ બિલ્ટઅપ એરીયા) ની બાંધકામ વાળી મિલકત તથા સદર ફલેટના વરાડે પડતી વગર વહેંચાયેલ જમીન મળવા પાત્ર આશરે...... સ.ચો.મી. જમીન કે જેની કકડાવાર વહેંચણી કયારેય અલગથી થઈ ન શકે તેવી જમીન સહીતની મીલ્કત નો વેચાણ દસ્તાવેજ રૂા........................../– અંકે રૂપિયા ....પુરાનો

––

"અરિહંતરેસીડેન્સી–પ"
"અરિહંતરેસીડેન્સી–પ"
"અરિહંતરેસીડેન્સી–પ"

<u>એક તરફ વાળા/વેચાણ આપનાર:–</u>

રામાણી ઈન્ફ્રા એ નામની ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના વહીવટ કર્તા ભાગીદાર **શ્રી નીલેશકુમાર મગનભાઈ રામાણી,** ઉ.વ.૪૦, ધંધો વેપાર, ધર્મે તથા જાતે :હિન્દુ રહેવાસીઃ૩,સાગર સોસાયટી,કઠવાડા રોડ,નરોડા,અમદાવાદ.

રામાણી ઈન્ફ્રા PAN NO.AAXFR9195C

આધાર કાર્ડ નં. ૩૬૧૩ ૦૭૩૪ ૦૩૬૦ મો.૯૮૭૯૫ ૫૧૮૮૦

("જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં એક તરફ વાળા, લખી આપનાર, વેચાણ આપનાર, જમીન માલીક, ડેવલપર, અમો અમારા એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દના અર્થમાં એક તરફવાળા ના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટરો, મુખત્યારો,ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.")

<u>બીજીતરફ વાળા/વેચાણ લેનાર:–</u>

શ્રી .... PANNO. ....

આધાર કાર્ડ નં. મો.

ઉ.વ....ધર્મે તથા જાતે :હિન્દુ રહેવાસી:...................................
....

શ્રી .... PANNO. ....

આધાર કાર્ડ નં. મો.

ઉ.વ....ધર્મે તથા જાતે :હિન્દુ રહેવાસી:...................................
....

("જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજીતરફ વાળા, વેચાણ લેનાર, લખાવી લેનાર તમો તમારા, એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દના અર્થમાં બીજીતરફવાળાના તથા બીજી તરફવાળાના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટરો,ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.")

(૧) [illegible] જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ–૧૨ (નિકોલ) તાલુકા વટવા ના મોજે ગામ વસ્ત્રાલ ની સીમના બ્લોક/સર્વેનં. **૪૧/૧ જેનો ટી.પી. સ્કીમ નંબર:૧૧૭** તેમજ **એફ.પી.નંબર:૧૭/૧** ની ૮૫૨૮ સ.ચો.મીટર ના સર્વે નંબર મુજબ ક્ષેત્રફળ વાળી જમીન જે બિનખેતી ના **હેતુ ની ૫૧૧૭ સ.ચો.મી** ખુલ્લા પ્લોટની **જમીન** (જેનુ વિગત વાર વર્ણન **પરિશીષ્ટ –૧** માં દર્શાવ્યા મુજબ નું છે.) તથા તેની સાથે પરાપૂર્વથી ચાલતા આવેલ તેમજ જોડાયેલા તમામ પ્રકારના હકક, હકકો, હિતો તેમજ જવા–આવવાના, ચાલ નિકાલના હકકો સહિત ની બિનખેતી ની ખુલ્લા પ્લોટની જમીન ને આ વેચાણ દસ્તાવેજમાં **"મજકુર સમગ્ર જમીન"** એ રીતે સંબોધવામાં આવેલ છે.

::પરિશિષ્ટ–૧::

<u>મજકુર સઘળી જમીનનું વર્ણન</u>

''અરિતારેસીડેન્સી–પ''

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ–૧૨ (નિકોલ) તાલુકા વટવા ના મોજે ગામ વસ્ત્રાલ ની સીમના બ્લોક/સર્વેનં. **૪૧/૧ જેનો ટી.પી. સ્કીમ નંબરઃ૧૧૭** તેમજ **એફ.પી.નંબરઃ૧૭/૧** ની ૮૫૨૮ સ.ચો.મીટર ના સર્વે નંબર મુજબ ક્ષેત્રફળ વાળી જમીન જે બિનખેતી ના **હેતુ ની ૫૧૧૭ સ.ચો.મી** ખુલ્લા પ્લોટની **જમીન**

–:: ''મજકુર સમગ્ર જમીન'' ની ખુંટચારની વિગત::–

પુર્વે	:–	એફ.પી.નં. ૧૭/૨,સ.ન.૪૧/૨ ની જગ્યા આવેલ છે.
પશ્વિમે	:–	ટી.પી નં. ૧૧૭ ની ટી.પી કપાત જગ્યા આવેલ છે.
ઉતરે	:–	૧૨ મીટર ટી.પી રોડ આવેલ છે.
દક્ષીણે	:–	ટી.પી કપાત ગાર્ડન રીઝર્વેશન આવેલ છે.

''અરિતારેસીડેન્સી–પ''

(૨) મોજે ગામ વસ્ત્રાલ ની સીમના **બ્લોક/સર્વે નંબરઃ ૪૧** ની જમીન અગાઉ **છબાજી અભાજી** એ **મહેન્દ્રરાય ભાલચંદ્ર** પાસે થી ટ્રીબ્યુનલ કેસ નં.૫૦૩,૧૬૨,૧૩૩,૫૦૪ તા.૩૧/૮/૧૯૬૫ મુજબ વાર્ષિક ૬ સરખા હપ્તે થી વેચાણ રાખેલ.તે અંગેની ફેરફાર **નોંધ નંબરઃ ૮૬૧** થી નોંધ કરવામા આવેલ જે નોંધને સક્ષમ ઓથોરીટી દ્રારા પ્રમાણીત કરવામા આવેલ.

(૩) ત્યારબાદ મહેરબાન ન્યાયાધિકરણના હુકમ મુજબ **છબાજી અભાજી** ગણોતીયાએ જમીન માલીક મહેન્દ્રરાય ભાલચંદ્ર ને ટ્રીબ્યુનલ કેસ મુજબ વેચાણ અવેજ ની રકમ મુજબ વાર્ષિક ૬ સરખા હપ્ત થી ભરપાઈ કરી આપતા સર્ટીફિકેટ આપવામાં આવે.જે અંગેની ફેરફાર **નોંધ નંબરઃ ૧૫૨૪** થી નોંધ કરવામા આવેલ જે નોંધને સક્ષમ ઓથોરીટી દ્રારા પ્રમાણીત કરવામા આવેલ.

''અરિતારેસીડેન્સી–પ''

(૪) ત્યારબાદ **છબાજી અભાજી** નુ તા.૧૫/૯/૧૯૮૦ ના રોજ બીનવસીયત અવસાન થવાથી હિન્દુ કાનુન અનુસાર તેઓના સીધીલીટી ના વારસદાર તરીકે છગાજી છબાજી,મંગુબેન છબાજી,રૂખીબેન તે છબાજી અભાજી ની વિધવા એમ સર્વે ના નામ રેવન્યુ રેકર્ડ માં દાખલ કરવામાં આવેલ તે અંગેની ફેરફાર **નોંધ નંબરઃ ૧૭૪૦** થી નોંધ કરવામા આવેલ જે નોંધને સક્ષમ ઓથોરીટી દ્રારા પ્રમાણીત કરવામા આવેલ.

(૫) ત્યારબાદ સદર જમીન માંથી મંગુબેન છબાજી,એ **રાજીખુશી થી હકક હિસ્સો ઉઠાવી લીધેલ છે.** અંગેની ફેરફાર **નોંધ નંબરઃ ૧૭૪૧** થી નોંધ કરવામા આવેલ જે નોંધને સક્ષમ ઓથોરીટી દ્રારા પ્રમાણીત કરવામા આવેલ.

"અરિતારેસીડેન્સી—પ"

(૬) ત્યારબાદ રૂખીબેન તે છબાજી અભાજી ની વિધવા નું તા.૧૪/૭/૧૯૮૬ તથા છગાજી છબાજી ચૌહાણ નું તા.૩/૧૦/૨૦૦૫ ના રોજ અવસાન થવાથી હિન્દુકાનુન અનુસાર તેઓના સીધીલીટી ના વારસદાર તરીકે કંકુબેન તે છગાજી છબાજી ની વિધવા,પરબતસિંહ છગાજી,રતાજી છગાજી,પુનાજી છગાજી,ભાનુબેન છગાજી,કાળાજી છગાજી,તથા સગીર પ્રકાશ છગાજી,ના વાલી કંકુબેન છગાજી,એમ સર્વે ના નામ રેવન્યુ રેકર્ડ માં દાખલ કરવામાં આવેલ જે અંગે ની **નોંધ નં. ૩૮૫૩ થયેલ છે.** જે નોંધને સક્ષમ ઓથોરીટી દ્વારા પ્રમાણીત કરવામા આવેલ.

(૭) ત્યારબાદ છગાજી છબાજી,તેમના અવસાન પહેલા તા.૨૦/૧૧/૨૦૦૦ ના રોજ અમરતભાઈ સરતાનભાઈ માલધારીને વીલથી સદરહુ જમીન લખી આપેલ જે વીલ તા.૬/૭/૦૬ ના રોજ સબ રજી.કચેરી માં અનું.નં.૨૨૩૯ થી નોંધાયેલ જે અંગેની ધોરણસર ની નોંધ રેવન્યુ રેકર્ડ માં દાખલ થયેલ છે તે અંગેની ફેરફાર **નોંધ નંબરઃ ૪૬૩૭** થી નોંધ કરવામા આવેલ જે નોંધને સક્ષમ ઓથોરીટી દ્વારા પ્રમાણીત કરવામા આવેલ.

"અરિતારેસીડેન્સી—પ"

(૮) ત્યારબાદ કંકુબેન તે છગાજી છબાજી ની વિધવા વિગેરેએ છગાજી છબાજી એ કરેલ વિલ ની ફેરફાર નોંધ નં.૪૬૩૭ સામે વિવાદ અરજી દાખલ કરેલ જે અંગે નાયબ કલેકટરશ્રી વિરમગામ પ્રાંત અમદાવાદ નાએ તા.૬/૧/૧૧ ના રોજ હુકમ નં.આરટીએસ/અપીલ/કેસ નં.૩૮૧/૦૮ હુકમ કરી ફેરફાર નોંધ નં.૪૬૩૭ નામંજુર કરવામાં આવેલ તે અંગેની ફેરફાર **નોંધ નંબરઃ ૫૭૩૦** થી નોંધ કરવામા આવેલ જે નોંધને સક્ષમ ઓથોરીટી દ્વારા પ્રમાણીત કરવામા આવેલ.અને તેની રૂઈએ મજકુર અમરતભાઈ સરતાનભાઈ માલધારી/રબારી એ જીલ્લા કલેકટર અમદાવાદ સમક્ષ રીવીજન અરજી નં.એલ બી /રીવીજન અરજી નં.૨૩૭/૨૦૧૧ થી દાખલ કરેલ જે જીલ્લા કલેકટર દવારા નામંજુર કરવામાં આવેલ તેની સામે મજકુર અમરતભાઈ સરતાનભાઈ માલધારી/ રબારી એ અગ્રસચિવ મહેસુલ વિભાગ (વિવાદ)અમદાવાદ સમક્ષ ફેરતપાસ અરજી કરેલ.પરંતુ કાયદાકિય ગુંચના કારણે તેમજ પરસ્પર સમજુતી તથા સમાધાન થી મજકુર અમરતભાઈ સરતાનભાઈ માલધારી/રબારી એ સદરહુ રીવીજન અરજી પરત ખેચેલ અને તે અંગેનો હુકમ અગ્રસચિવ મહેસુલ વિભાગ (વિવાદ) અમદાવાદે હુકમ નં.મ.વિ.વિ.હકપ.અમદ/૫૩/૧૩ તા. ૨૧/૮/૨૦૧૫ ના રોજ કરેલ અને તે હકીકતે સદરહુ જમીન માં મજકુર અમરતભાઈ સરતાનભાઈ માલધારી/રબારી નો કોઈપણ પ્રકાર નો હકક,હિત,હિસ્સો,કે દાવો કે અલાખો રહેલ નહી અને સદરહુ જમીન ના તમામ પ્રકાર ના બોજાઓથી મુકત થયેલ.

"અરિતારેસીડેન્સી—પ"

"રુચિતરેસીડેન્સી–પ"

(૯) ત્યારબાદ સદર જમીન સં.નં.૪૧ ક્ષેત્રફળ ૧૮૮૧૮ સ.ચો.મી કે જેનો ટી.પી.સ્કીમ નં. ૧૧૭ માં સમાવેશ થતા ફાયનલ પ્લોટ નં. ૧૭ તરીકે ૧૧૨૯૧ સ.ચો.મી ફાળવવામાં આવેલ.

(૧૦) સદરહુ જમીન પ્રતિબંધિત સતાપ્રકાર ની જમીન હોઈ તે અંગે જીલ્લા કલેકટરશ્રી (ગણોતશાખા) અમદાવાદ ના હુકમ નં. એસીબી/ટી.એન.સી.–૨/પ્રિમીયમ/વસ્ત્રાલ/એસ.આર.૬૧૧/૨૦૧૪ તા. ૨૧/૩/૧૬ ના હુકમ મુજબ બિનખેતી રહેણાક તથા વાણીજય ના હેતુમાટે પ્રિમીયમ ની રકમ રૂા.૩,૨૭,૪૩,૯૦૦/–પુરા ભરપાઈ કરવાથી બિનખેતી રહેણાક ના હેતુ માટે પ્રતિબંધિત સતા પ્રકાર ના નિયંત્રણો દુર કરવામાં આવેલ જે અંગે ની ફેરફાર **નોંધ નંબરઃ ૮૨૭૦** થી નોંધ કરવામા આવેલ જે નોંધને સક્ષમ ઓથોરીટી દ્વારા પ્રમાણીત કરવામા આવેલ.

"રુચિતરેસીડેન્સી–પ"

(૧૧) ત્યારબાદ સદર જમીન સં.નં.૪૧ ટી.પી.સ્કીમ નં. ૧૧૭ ના ફાયનલ પ્લોટ નં. ૧૭ ની ૧૧૨૯૧ સ.ચો.મી જમીન પૈકી ૧૦૦૯૧ સ.ચો.મી જમીન ને રહેણાક ના હેતુ માટે તથા ૧૨૦૦ સ.ચો.મી જમીન વાણીજય ના હેતુ માટે બીનખેતી માં રૂપાંતર કરવાની પરવાનગી જીલ્લા કલેકટર શ્રી અમદાવાદ ના એ તેઓના હુકમનં. એસીબી/ ટી.એન.સી–૨/ એન.એ./તત્કાલ/ક–૬૫–એસ.આર.૧૨/૨૦૧૬ તા ૨૬/૮/૨૦૧૬ થી આપવામાં આવેલ જે અંગે ની **નોંધ નંબરઃ ૮૪૩૬** થી નોંધ કરવામા આવેલ જે નોંધને સક્ષમ ઓથોરીટી દ્વારા પ્રમાણીત કરવામા આવેલ.

(૧૨) એ રીતે ની મોજે વસ્ત્રાલ ની સીમ ના સ.નં.૪૧ ક્ષેત્રફળ ૧૮૮૧૮ સ.ચો.મી કે જેનો ટી.પી.સ્કીમ નં. ૧૧૭ માં સમાવેશ થતા ફાયનલ પ્લોટ નં. ૧૭ તરીકે ૧૧૨૯૧ સ.ચો.મી બીનખેતી થયેલ જમીન અમો વેચાણઆપનાર **રૂચિત ઈન્ફ્રાસ્ટ્રકચર એ નામની ભાગીદારી પેઢી એ તેના માલીકો** કંકુબેન તે છગાજી છબાજી ની વિધવા, પરબતસિંહ છગાજી, રતાજી છગાજી,પુનાજી છગાજી,ભાનુબેન છગાજી, કાળાજી છગાજી,તથા પ્રકાશ છગાજી,તથા કર્ન્ફર્મીંગપાર્ટી અમરતભાઈ સરતાનભાઈ માલધારી પાસે થી રજી.વે.દ.નં.૧૪૯૨૬ તા.૬/૧૦/૧૬ થી નીકોલ સબ રજી.કચેરી માં નોધાયેલ છે.તે અંગેની ફેરફાર **નોંધ નંબરઃ ૮૪૯૪** થી નોંધ કરવામા આવેલ જે નોંધને સક્ષમ ઓથોરીટી દ્વારા પ્રમાણીત કરવામા આવેલ છે. આમ અમો વેચાણ આપનાર પેઢી સદરહુ સ.નં. ૪૧ ની જમીન ના અમો વેચાણ આપનાર પેઢી કુલ સ્વતંત્ર માલિક,કબજેદાર ભોગવટેદાર બનેલા

"રુચિતરેસીડેન્સી–પ"

(૧૩) ત્યારબાદ સદરહુ સ.નં.૪૧ ની હિસ્સા દુરસ્તી મે.ડી.આઈ.એલ.આર શ્રી,અમદાવાદ ના હુકમ નં. કે.જે.પી/એસ.આર./નં.૬૫૮ પુ.પ.નં.૭૨ થી તા.૧૨/૩/૧૮ ના રોજથી કરવામાં આવેલ સદરહુ હુકમ મુજબ સ.નં.૪૧ નું (૧) સ.નં. ૪૧/૧ ક્ષેત્રફળ ૦–૮૫–૨૮ હે.આરે.ચો.મી. તથા ફાઈનલ પ્લોટ

"અરિહંતાય નમઃ"

મુજબ નું ક્ષેત્રફળ ૫૧૧૭ સ.ચો.મી.(૨) સ.નં. ૪૧/૨ ક્ષેત્રફળ ૧–૦૨–૯૦ હે.આરે.ચો.મી. તથા ફાઈનલ પ્લોટ મુજબ નું ક્ષેત્રફળ ૬૧૭૪ સ.ચો.મી. એ રીતે હિસ્સા દુરસ્તી કરવામાં આવેલ તે અંગેની ફેરફાર **નોંધ નંબરઃ ૯૦૮૪** થી નોંધ કરવામા આવેલ જે નોંધને સક્ષમ ઓથોરીટી દ્વારા પ્રમાણીત કરવામા આવેલ.

(૧૪) આમ અમો એક તરફ વાળા લખી આપનારે સદર મીલકત યાનેમોજે ગામ વસ્ત્રાલ ની સીમના બ્લોક/સર્વેનં. **૪૧/૧** જેનો **ટી.પી. સ્કીમ નંબરઃ૧૧૭ , એફ.પી.નંબરઃ૧૭/૧** ની ૮૫૨૮ સ.ચો.મીટર ના સર્વે નંબર મુજબ ક્ષેત્રફળ વાળી જમીન જે બિનખેતી થતા (લે આઉટ પ્લાન મુજબ **એફ.પી.નંબરઃ૧૭/૧** ની **હેતુ ૫૧૧૭ સ.ચો.મી** ખુલ્લા પ્લોટની **બીનખેતી થયેલી જમીન**) તથા તેની સાથે પરાપૂર્વથી ચાલતા આવેલ તેમજ જોડાયેલા તમામ પ્રકારના હકક, હકકો, હિતો તેમજ જવા–આવવાના, ચાલ નિકાલના હકકો સહિત ની બિનખેતી ની ખુલ્લા પ્લોટની જમીન **રામાણી ઈન્ફ્રા** એ નામની ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના વહીવટ કર્તા ભાગીદાર **શ્રી નીલેશકુમાર મગનભાઈ રામાણી** એ વેચાણ દસ્તાવેજ નં.૧૧૨૫૫ તા.૨૨/૦૬/૨૦૧૮ થી ખરીદ કરી અમદાવાદ (૧૨) નિકોલ સબ રજીસ્ટારશ્રી ની કચેરી માં નોધાવેલ અને તે અંગેનોંધ નં.૯૨૫૬ થી નોંધ કરવામાં આવેલ સક્ષમ ઓથોરીટી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ. ત્યાર થી અમો વેચાણ આપનાર રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી સદર જમીન ની કુલ સ્વંતત્ર માલીકપણા અને કબજા ભોગવટાની આવેલ અને જે રેવન્યું રેકર્ડમાં માલીક કબજેદાર તરીકે ચાલી આવેલ છે.

"અરિહંતાય નમઃ"

(૧૫) એક તરફ વાળા લખી આપનારે સદર મીલકત યાને આ વેચાણ દસ્તાવેજ વાળી મિલકત અમો એક તરફવાળા લખી આપનારે તમો બીજી તરફવાળા લખાવી લેનારને અત્રે નીચે લખેલ શરતો, સમજુતીઓ, અને ચોખવટોથી વેચાણ આપેલ છે. અને તમો લખાવી લેનારે મજકુર શરતો, સમજુતીઓ અને ચોખવટોથી તે મિલકત વેચાણ રાખવાનું કબુલ રાખેલ છે. જે મુજબની જમીન અમો વેચાણઆપનારે તમો વેચાણઆપનારાઓને આ વેચાણદસ્તાવેજ થી વેચાણ આપેલ છે.

"અરિહંતાય નમઃ"

(૨૪) સદરહું બિનખેતી જમીન ઉપર બાંધકામ કરવા અંગેના પ્લાનો ને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને રજાચિઠ્ઠી નંબર નીચે મુજબ ફાળવેલછે.

બ્લોક નં.	રજાચિઠ્ઠી નંબર	તારીખ
A	00458/201018/A0370/RO/M1	3/11/2018
B	00459/201018/A0371/RO/M1	3/11/2018
C	00460/201018/A0372/RO/M1	3/11/2018
D	00461/201018/A0373/RO/M1	3/11/2018

"સરિતારેસીડેન્સી–૫"

તેની રૂઈએ અમો લખી આપનારે સદરહું જમીન ઉપર ફલેટોનું બાંધકામ કરાવેલ અને આ ફલેટોની યોજનાને**"સરિતારેસીડેન્સી–૫"** નામ આપવામાં આવેલ છે.

(૨૫) અમો એકતરફવાળા એ નિયમોનુસાર રેરા રજી. માટે એપ્લાય થયેલા છીએ અને અમો એક તરફવાળા ના પ્રોજેકટ ને પ્રોજેકટ ....ફાળવેલ છે. જે નોંધણી નું સર્ટીફિકેટ આ સાથે **એનેક્ષર–એ** થી સામેલ છે.

સદરહું જમીન ઉપર આવેલ **"સરિતારેસીડેન્સી–૫"** એ નામથી ઓળખાતી સ્કીમ પૈકી "......" બ્લોકમાં બાંધવામાં આવેલ" ......ફ્લોર" ઉપર ફલેટ નંબર ...... ના ...... સ.ચો.મી. વોશ એરીયા તેમજ ....સ.ચો.મી. નો રેરામુજબ નેટ કારપેટ એરીયા જેના **ફ્લોર પ્લાન** ની નકલ આ સાથે **એનેક્ષર–બી** માં દર્શાવેલ છે.(જે પ્લાનપાસ પ્રમાણે ....સ.ચો.મી.નેટ બિલ્ટઅપ એરીયા) ની બાંધકામ વાળી મિલકત તથા સદર ફલેટના વરાડે પડતી વગર વહેંચાયેલ જમીન મળવા પાત્ર આશરે...... **સ.ચો.મી.** ના વગર વહેંચાયેલા હકકો સહિતની મિલકત અમો લખી આપનારે તમો લખાવી લેનારને વેચાણ આપવાનું નકકી કરી **રૂા.૦૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ....લાખ પુરા** માં વેચાણ આપેલ છે. અને તે અંગેનો વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારે તમો લખાવી લેનારને નીચે મુજબની વિગતે તથા શરતોએ કરી આપીએ છીએ.

"સરિતારેસીડેન્સી–૫"

(૨૬) મજકુર યોજના માં મુકવામાં આવેલ કોમન એમીનીટીઝ તથા ફેસેલીટીઝ તેમજ મજકુર જમીન પૈકીનો વગર વ.વહે.હિસ્સા ને સંયુકત રીતે કોમન એરીયા તરીકે સંબોધવામાં મજકુર યુનીટ આવશે તથા કોમન એરીયાને હવેપછી સયુકત રીતે "મજકુર કોમન મિલ્કત" એ રીતે સંબોધવામાં આવશે અને તેનુ વર્ણન આ સાથેના **પરિશીષ્ટ–૩** માં દર્શાવ્યા મુજબ નું છે. આ રીતે સદરહું મિલકતમાં અમો લખી આપનાર સિવાય અન્ય કોઈનો કોઈ પણ જાતનો લાગ, ભાગ, હકક, હિસ્સો, હિત,દાવો, બોજો કે અલાખો નથી. સદરહું મિલકત અમો લખી આપનારે તમો લખાવી લેનારને વેચાણ આપતા અગાઉ સદરહું મિલકત અન્ય કોઈને કોઈ પ્રકારે તબદીલ, એસાઈન, કે ટ્રાન્સફર કરેલ નથી કે વેચાણ, ગીરો, કે બક્ષીસ, આપેલ નથી. તેમજ બીજીઅન્ય કોઈ પણ રીતે લખી આપેલ નથી. સદરહું મિલકત ઉપર કોઈનો કોઈ પણ પ્રકારનો ખોરાકી, પોશાકી કે રહેઠાણ વિગેરે કોઈ પણ જાતનો લાગ ભાગ, હકક હિસ્સો હિત,નથી કે પોષાતો નથી તેમજ સદરહું મિલકત કે તેનો કોઈ પણ ભાગ કોઈ પણ અદાલત કે કચેરીના હુકમથી જપ્તીમા કે અવલજપ્તીમાં લેવામાં આવેલ નથી. તેમજ સદરહું મિલકત કે કોઈને વેંચવી, વેચાવવી નહી તેવો કોઈ પણ જાતનો મનાઈ હુકમ કોઈપણ અદાલતે કે કચેરી તરફથી અમારા ઉપર નીકળેલ નથી કે બજેલ નથી. સદરહું મિલકત અંગે કોઈ પણ અદાલત કે કચેરીમાં કોઈ પણ જાતના દાવા, દુવી થયેલા નથી કે હાલમાં જારી નથી. કે સદરહું મિલકત કે તેનો કોઈ પણ ભાગ કોઈપણ યોજના માટે અનામત રાખવામાં આવેલો નથી. તેમજ સદરહું મિલકત અમોએ કોઈ પણ જગ્યાએ મોર્ગેજમાં કે લીયનમાં મુકેલ

"સરિતારેસીડેન્સી–૫"

"સરિતારેસીડેન્સી–પ"
"સરિતારેસીડેન્સી–પ"
"સરિતારેસીડેન્સી–પ"

નથી. સદરહું મિલકત ઉપર અમોએ કોઈ દેવું ઉભુ કરેલ નથી. સદરહું મિલકત કોઈ પણ એકવીઝીશન, રેકવીઝીશન કે રીઝવેશનમાં આવેલ નથી. કે તે મુજબના કોઈ પ્રોસીડીંગ્સ અમારા ઉપર ચાલતા નથી. સદરહું મિલકતના તમામ રાઈટ ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ અને સેલેબલ છે. તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપીને સદરહું મીલકત તમો લખાવી લેનારને અભરામ ન દાવે અઘાટ વેચાણ આપેલ છે.

:: અવેજની વિગત ::

આ વેચાણ દસ્તાવેજનો અવેજ પહોંચ્યાની વિગત જે.:–

ક્રમ	રકમ	ચેક નંબર	તારીખ	બેંક
1				
2				
3				
4				
કુલ	**રૂા.૦૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા .... લાખ પુરા**			

જેની આથી આ અમારી પહોંચ છે. અને સદરહું મીલકતનો અમો લખી આપનારે તમો લખાવી લેનારને આજરોજ ખાલી અને પ્રત્યક્ષ કબજો સોંપેલ છે. જે મિલકતના બાંધકામ અંગેના તમામ સ્પેશીફીકેશન તેમજ તમામ સવલતો, સુવિધાઓ તમોએ તથા તમારા એન્જીનીયર્સ મારફતે જોઈ તપાસી સંતોષકારક થઈ સંભાળી લીધેલ છે. લખાવી લેનાર વધુમાં જાહેર કરી ખાત્રી આપે છે કે, ભવિષ્યમાં બાંધકામ કે તેને આનુસાંગીક સ્પેશીફીકેશન બાબતની કોઈ તકરાર નથી. તેમજ સદર ફલેટ જે ઈમારતમા આવેલ છે. તેના ટોપ ના ધાબાના તમામ હકકો તે બિલ્ડીંગ ના માત્ર તમામ ફલેટ ધારકો નો રહેશે.તેમજ સદર **"સરિતારેસીડેન્સી–પ"** ની સ્કીમ માં જમીન ઉપર બાંધકામ કરવા અંગેના પ્લાનો ને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને રજાચિઠ્ઠી મુજબ **A B C D** એમ કુલ ચાર બ્લોક ની મંજુરી આપેલ છે. તે મુજબ દરેક બ્લોક માં ગ્રાઉન્ડ ફલોર ઉપર બે ફલેટ ની મંજુરી મુજબ બાંધકામ કરેલ છે. તે ગ્રાઉન્ડ ફલોર ના દરેક ફલેટ ધારકો નો આવવા–જવાનો રસ્તો જે તે બ્લોક ના પાર્કીંગ માંથી રહેલો છે. તેમજ સદર ફલેટ જે ઈમારતમા આવેલ છે. તેના ટોપ ના ધાબાના તમામ હકકો તે બિલ્ડીંગ ના માત્ર તમામ ફલેટ ધારકો સાથે પણ રહેલો છે.

(૨૬) સદરહું મિલકતની ઉપર હવેથી અમો લખી આપનારનો કે અમો લખી આપનાર કંપનીના હાલના તથા વખતો વખતના ડાયરેકટરો, હોદેદારો, તથા તઓના વંશ,વાલી, વારસો વિગેરે કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હિસ્સો કે હિત સબંધ રહયો નથી.

(૨૭) સદર **"સરિતારેસીડેન્સી–પ"** ના ફલેટો વિગેરે અંગે યોગ્ય અને વ્યવસ્થીત વહીવટ થાય તે સારૂ ભવિષ્યમાં એસોશીએશન, સર્વીસ સોસાયટી, કે અન્ય કોઈ સંસ્થાની નિમણુક કરવાની જરૂરીયાત ઉપસ્થીત થાય તો તેવા એસોસીએશન,

સર્વીસ સોસાયટી, સંસ્થામાં તમોએ જરૂરી રકમ ભરપાઈ કરી સભ્ય થવુ ફરજીયાત છે. અને તમો લખાવી લેનારે તેવા અસોસીએશન,સર્વીસ સોસાયટી, સંસ્થાના તમામ નિતી–નિયમોનું બંધારણ મુજબથી પાલન કરવાનું ફરજીયાત છે. તેમજ તે માટે નકકી કરવામાં આવતો શેરફાળો તથા વહીવટી મેઈન્ટેનન્સની કાયમી અથવા કોમન લાઈટનીંગ (બોર,લીફટ,સ્ટીટ લાઈટ) માસીક ખર્ચની રકમ તથા બર્નિંગ,સીકયુરીટી,સફાઈ વિગેરે,તમોએ ભરવાની છે અને રહેશે.

(૨૮) આ રીતે સદરહું મીલકતમાં તમો વસો, વસાવો, વેંચો, સાટો યા ગીરો આપો યા તમો તમારું દીલ ચાહે તેમ ઉપયોગ કરવા હકકદાર છો વધુમાં અમો તમોને બાંહેધરી આપીએ છીએ કે સદરહું મીલકતના વેચાણ લેનારના માલીકી,કબજા, ભોગવટા ઉપયોગમાં અમો કે અમારા હાલના તથા વખતોવખતના ડાયરેકટરો તથા વહીવટકર્તા તથા તેઓના વંશ, વારસો, ઈત્યાદી હરકત કે અટકાયત કરશે/કરાવશે નહી અને જો કરે /કરાવે અને તેથી કરીને તમોને કે સદરહું મિલકતના વખતો વખતનાં માલીકોને જે કાંઈ નુકશાન કે ખર્ચ થાય તે તમામ અમો તથા અમારા હાલના તથા વખતો વખતના ડાયરેકટરો હોદેદારો તથા તેઓના વશં વાલી, વારસો, ઈત્યાદી, તમોને અથવા સદરહું મીલકતના જે તે વખતના માલીકોને વસુલ આપવા આથી બંધાયેલા છીએ અને રહીશું.

(૨૯) સદરહું મીલકત અંગેના કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર તથા સ્થાનીક સરકાર કરવેરા, ટેક્ષ લાગા વિગેરે આજદિન સુધીના અમોએ ભરેલ છે. તથા સર્વિસ ટેક્ષ વેટ જીએસટી જેવા કોઈપણ ટેક્ષ જે બીયુ પહેલા કે બીયુ પછી સદર દસ્તાવેજ ના અવેજ માં સામેલ છે.અને વેચાણ દસ્તાવેજ પછીના ઉપરોકત તમામ વેરાઓ તમારે ભરવાના છે. અમો આ વેચાણ દસ્તાવેજથી તમોને ખાત્રી અને વિશ્વાસ આપીએ છીએ. કે વેચાણ દસ્તાવેજ તારીખ સુધીના ઉપરોકત કોઈ લેણાં અંગે ભવિષ્યમાં પણ કોઈ માંગણીની નોટીસ આવે તો તે તમામ બાબતની ચોખવટ તેમજ ચુકવણી અમો તથા અમારા વખતો વખતના વંશ, વાલી, વારસો, કરી આપવા બંધાયેલા છીએ. અને રહીશુ.

(૩૦) આ વેચાણ દસ્તાવેજનો ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, કોમ્પ્યુટર ટાઈપીંગ, વકીલ ફી, ઈત્યાદી તમામ ખર્ચ તમો લખાવી લેનારે ભોગવેલ છે.

(૩૧) તમો બીજી તરફવાળાએ આ વેચાણ દસ્તાવેજ કરાવ્યેથી ટોરેન્ટ પાવર તથા મ્યુનીસીપલ કોર્પોરેશનમાં તેમજ ટેક્ષ ખાતામાં અને રેવન્યુ રેકર્ડમાં આ વેચાણ દસ્તાવેજ આધારે તમો બીજી તરફવાળાએ જાતે નામ ટ્રાન્સફર કરાવવાની કાર્યવાહી કરવાની તમારી જવાબદારી રહેશે. તમો કોઈ ને વેચાણ કરો ત્યારે સર્વીસ સોસાયટી માં પહેલા તમો બીજી તરફવાળાએ કાયદેસર ના સભાસદ ફરજીયાત બનવાનુ રહેશે.તેમજ જાણ કરવામાં આવે ત્યારે સર્વિસ સોસાયટી માં સભાસદ તરીકે નામ દાખલ કરાવી ને જરૂરી પ્રોસીજર માં સહિઓ કરવાની

"અરિહતારેસીડેન્સી–૫"

"સ્રિતારેસીડેન્સી–૫"

રહેશે. તેમજ નામ ટ્રાન્સફર કરો ત્યારે ટ્રાન્સફર ફી જે તે સમયે જે હશે તે આવનાર નવા સભાસદે ભરવાના કંમ્પલસરી રહેશે પછી નામ ટ્રાન્સફર થશે.

(૩૧) જો આ વેચાણ દસ્તાવેજમાં જણાવેલ કોઈ પણ શરતો, જોગવાઈઓ અને જવાબદારીઓ અંગે પક્ષકારો વચ્ચે મતભેદ કે તકરાર ઉપસ્થિત થાય તો તેનું નિરાકરણ બંને પક્ષકારોએ વાટાઘાટોથી કરવાનું રહેશે તેમ છતાં જો નિરાકરણ ન આવે તો જે તે પક્ષકાર રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી અગર સક્ષમ અધિકારી અગર એપેલેટ ટ્રીબ્યુનલ દ્રારા લાવવાનું રહેશે.

(૩૨) જો આ કરારની કોઈ પણ જોગવાઈ રદ અગર તો કાયદા અગર નિતી નિયમો હેઠળ અધર અન્ય લાગુ પડતા હેઠળ લાગુ ન કરી શકાય તો આવી જોગવાઈ કરારની સુધારવામાં આવશે અને તે હદ સુધી એકટ અગર નિયમો અધર નિમયનો કે જે તે હેઠળ અધર લાગુ પડતા કાયદા હેઠળ જે કેસ હોય તે મુજબ કરેલ હોય અને બાકીની જોગવાઈ આ કરાર હેઠળ ચાલુ રહેશે અને આ કરાર કરતા સમયે લાગુ કરવામાં આવશે.

(૩૩) મજકુર મીલકત અંગેનો આ વેચાણ દસ્તાવેજ સબ ર સ્ટ્રારશ્રી અમદાવાદ–૧૨ (નિકોલ) ની કચેરીમાં નોંધણી માટે રજુ કરેલ છે.આ વેચાણ દસ્તાવેજનો ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, કોમ્પ્યુટર ટાઈપીંગ, વકીલ ફી, ઈત્યાદી તમામ ખર્ચ તમો લખાવી લેનારે ભોગવેલ છે.

"સ્રિતારેસીડેન્સી–૫"

(૩૪) તમો બીજી તરફવાળાએ આ વેચાણ દસ્તાવેજ કરાવ્યેથી મ્યુનીસીપલ કોર્પોરેશનમાં તેમજ ટેક્ષ ખાતામાં અને રેવન્યુ રેકર્ડમાં આ વેચાણ દસ્તાવેજ આધારે તમો બીજી તરફવાળાએ જાતે નામ ટ્રાન્સફર કરાવવાની કાર્યવાહી કરવાની તમારી જવાબદારી રહેશે. તમો કોઇ ને વેચાણ કરો ત્યારે સર્વીસ સોસાયટી માં નામ ટ્રાન્સફર કરો ત્યારે ટ્રાન્સફર ફી જે તે સમયે જે હશે તે આવનાર નવા સભાસદે ભરવાના કંમ્પલસરી રહેશે પછી નામ ટ્રાન્સફર થશે.

(૩૫) અમો એકતરફવાળા એ નિયમોનુસાર રેરા રજી. માટે એપ્લાય થયેલા છીએ અને અમો એક તરફવાળા ના પ્રોજેકટ ને પ્રોજેકટ રજી. ....તા. ....ના રોજ ફાળવેલ છે. જે નોંધણી નું સર્ટીફિકેટ આ સાથે **એનેક્ષર–બી** થી સામેલ છે.

"સ્રિતારેસીડેન્સી–૫"

(૩૬) સદર મજકુર મીલકત, મીલકત અંગેનું બાનાખત સબ રજીસ્ટ્રારશ્રી અમદાવાદ–૧૨ (નિકોલ) ની કચેરીમાં નોંધણી માટે તા........... નારોજ રજુ કરેલ જેનો ર.જી.નં...... છે.

(૩૭) મજકુર યુનીટનું બીયુ પરમીશન આવ્યે થી ૫ (પાંચ) વર્ષ દરમ્યાન જો વેચાણ લેનારને મજકુર યુનીટ અગર તેના બિલ્ડીગનાં બાંધકામમાં કોઈ ક્ષતિ અગર

"સરિતારેસીડેન્સી–૫"

ખામી જણાય અગર ગુણવતામાં ખામી જણાય અગર મજકુર યોજનાની સેવામાં ચુક જણાય તો તેની લેખીત જાણ વેચાણ આપનારને કરવાનીરહેશેઅનેતેવીલેખીત જાણ વેચાણ આપનારને મળ્યેથી વેચાણ આપનારે જયાં શકય હોય તે તમામ જગ્યાએ સ્વખર્ચે તેવી ખામીઓ સુધારો કરી આપવાનો રહેશે.

પરંતુ તેવી બાંધકામની ક્ષતિ અગર ખામી વેચાણ આપનારની નિયંત્રણ બહારના સંજોગોના કારણે, કુદરતી આફતના કારણે, કારીગરીના ખામીના કારણે, અગર વેચાણ લેનાર , તેના કારીગરો, સભ્યો વિગેરેની ભુલના કારણે કોઈ ખામી અગર ક્ષતિ થયેલ હોય તો વેચાણ આપનાર તેવી ખામી અગર ક્ષતિ દુર કરી આપવા અગર સુધારો કરી આપવા અગર વળતર આપવા બંધાયેલા રહેશે નહી.

::પરિશિષ્ટ–૨::

<u>મજકુર મિલ્કતનું વર્ણન</u>

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ–૧૨ (નિકોલ) તાલુકા વટવા ના મોજે ગામ વસ્ત્રાલ ની સીમના બ્લોક/સર્વેનં. **૪૧/૧ જેનો ટી.પી. સ્કીમ નંબરઃ૧૧૭** તેમજ **એફ.પી.નંબરઃ૧૭/૧** ની ૮૫૨૮ સ.ચો.મીટર ના સર્વે નંબર મુજબ ક્ષેત્રફળ વાળી જમીન જે બિનખેતી ના **હેતુ ની ૫૧૧૭ સ.ચો.મી** ખુલ્લા પ્લોટની **જમીનઉપર "સરિતા રેસીડેન્સી–૫"** એ નામથી ઓળખાતી સ્કીમ પૈકી એ નામથી ઓળખાતી સ્કીમ પૈકી "......" બ્લોકમાં બાંધવામાં આવેલ" ......ફલોર" ઉપર ફલેટ નંબર ...... ના ...... સ.ચો.મી. વોશ એરીયા તેમજ..........સ.ચો.મી. નો રેરામુજબ નેટ કારપેટ એરીયા (જે પ્લાનપાસ પ્રમાણે ....સ.ચો.મી.નેટ બિલ્ટઅપ એરીયા) ની બાંધકામ વાળી મિલકત તથા સદર ફલેટના વરાડે પડતી વગર વહેંચાયેલ જમીન મળવા પાત્ર આશરે...... સ.ચો.મી. જમીન કે જેની કકડાવાર વહેંચણી કયારેય અલગથી થઈ ન શકે તેવી જમીન સહીતની મીલ્કત

–::મજકુર ફલેટ યાને મીલકતની ખુંટચારની વિગત::–

પુર્વેઃ– ....આવેલ છે.
પશ્ચિમેઃ– ....આવેલ છે
ઉતરેઃ– ....આવેલ છે
દક્ષીણેઃ– ....આવેલ છે

"સરિતારેસીડેન્સી–૫"

::પરિશિષ્ટ–૩::

<u>કોમન એમીનીટીઝ તથા ફેસેલીટીઝની વિગત</u>

– કોમન ગેટ અને સીકયુરીટી કેબીન સાથે

– લીફટ તથા પ્રેસર પંપ સીસ્ટમ

– કોમન બોરવેલ તથા કોમન અંડર ગ્રાઉન્ડ અને દરેક બ્લોકમાં ઓવરહેડ પાણીની ટાંકી

"સરિતારેસીડેન્સી–૫"

''ઋષિતારેસીડેન્સી-સી–પ''

– ૨૪ કલાક પાણીની સુવિધા તથા સ્વતંત્ર વોટર મીટર સાથે

– આકર્ષક કોમન પ્લોટ

એ રીતે ખુંટચાર વચ્ચે " **... બ્લોક"** ઉપર આવેલ યુનીટ નં. .... ની બાંધકામ વાળી મીલકત તથા તેના વરાડે મળવાપાત્ર રોડ રસ્તાના સહીયારા વરાડે વાપરવાના તથા ઉપયોગ કરવાના હકકો સહીતની મીલકત.

ઉપર મુજબનો વેચાણ દસ્તાવેજ આપણે બંને તરફવાલાઓએ વાંચી, વંચાવી, સમજમાં આવે તે ભાષામાં, સમજી, વિચારીને અકકલ હોંશીયારથી, તનમનના સાવધાન પણા માં, કોઈ પણ વ્યકિતના દાબ દબાણ સિવાય, રાજીખુશીથી, બીનકેફે મુકત સમંતિથી કરેલ છે જે આપણે બંને તરફવાળાઓને તથા આપણે બંને તરફવાળાઓના હાલના તથા વખતો વખતના ભાગીદારો તથા તમો બીજીતરફવાળાના વંશ, વાલી, વારસો, તથા દરેકના વંશ, વાલી, વારસો, એડમીનીસ્ટ્રેટરો, ભાગીદારો, મુખત્યારો ઈત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે તે સહી.

આજ તારીખ માહે સને **૨૦૧૯** ના દિને શહેર અમદાવાદ મધ્યે.

અત્રે.....................................મતુ અત્રે....................................શાખ

<u>એક તરફ વાળા/વેચાણ આપનાર:–</u>

રામાણી ઈન્ફ્રા એ નામની ભાગીદારી પેઢી
વતી અને તરફથી તેના વહીવટ કર્તા ભાગીદાર ....

_____________________ ....

(**શ્રી નીલેશકુમાર મગનભાઈ રામાણી**)

''ઋષિતારેસીડેન્સી-સી–પ''

''ઋષિતારેસીડેન્સી-સી–પ''

"સરિતારેસીડેન્સી–૫"
"સરિતારેસીડેન્સી–૫"
"સરિતારેસીડેન્સી–૫"

વેચાણ કરેલ મિલકતનું વર્ણન	
ગામનુ નામ	મોજે ગામ વસ્ત્રાલ ની સીમના બ્લોક/સર્વેનં. **૪૧/૧ જેનો** ` **ટી.પી. સ્કીમ નંબરઃ૧૧૭** તેમજ **એફ.પી.નંબરઃ૧૭/૧** ની **૫૧૧૭ સ.ચો.મી જમીન** ઉપર આવેલ **"સરિતા રેસીડેન્સી–૫"** પૈકી ની **મિલ્કત** નો ફોટોગ્રાફ
વેચાણ આપનાર	
વેચાણ રાખનાર	

"સરિતારેસીડેન્સી–પ"
"સરિતારેસીડેન્સી–પ"
"સરિતારેસીડેન્સી–પ"

વેચાણ કરેલ મિલકતનું વર્ણન	
ગામનુ નામ	મોજે ગામ વસ્ત્રાલ ની સીમના બ્લોક/સર્વેનં. **૪૧/૧ જેનો ટી.પી. સ્કીમ નંબરઃ૧૧૭** તેમજ **એફ.પી.નંબરઃ૧૭/૧** ની **૫૧૧૭ સ.ચો.મી જમીન** ઉપર આવેલ **"સરિતા રેસીડેન્સી–૫"** પૈકી ની **મિલ્કત** નો ફોટોગ્રાફ
વેચાણ આપનાર	
વેચાણ રાખનાર	

''અરિતરેસીડેન્સી–૫''

રજીસ્ટ્રેશન એક્ટ – ૧૯૦૮ ની કલમ – ૩૨ (અ) મુજબનું પરિશિષ્ટ

એક તરફવાળાની સહી	એક તરફવાળાનો ફોટો	એક તરફવાળાનાં અંગુઠાની છાપ
રામાણી ઈન્ફ્રા એ નામની ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના વહીવટ કર્તા ભાગીદાર ________________ (**નીલેશકુમાર મગનભાઈ રામાણી**)		
બીજી તરફવાળાની સહી	**બીજી તરફવાળાનો ફોટો**	**બીજી તરફવાળાનાં અંગુઠાની છાપ**
....		
....		

''અરિતરેસીડેન્સી–૫''

''અરિતરેસીડેન્સી–૫''